”وَلَا تَنْكِحُوْامَانَكَحَ اٰبَآؤُكُم مِّنَ النِّسَآءِ
اِلَّا مَاقَدْ سَلَفَ“ (القران)

**અર્થાત :** “જે સ્ત્રીઓ સાથે તમારા બાપ, દાદા નિકાહ અથવા સંભોગ કરી ચૂક્યા તેમનાથી નિકાહ તથા સંભોગ ન કરો.” (અલ્ કુર્આન)

# ઈમરાનાનો મસ્અલો

## કુર્આન તથા હદીષની રોશનીમાં


★ લેખકો ★

**મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** (સદર મુફ્તી : અલજામિઅતુલ અશ્રફિયહ્–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)

**હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**
(તંત્રી : કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી)

---

★ અનુવાદકો ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

**મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા**
(નાયબ સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)



❖❖❖❖❖ પ્રકાશક ❖❖❖❖❖

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : islamic@sancharnet.in

★ પ્રકાશન નં. : ૧૩૩ ★ આવૃત્તિ–૧ ★ પ્રત : ૪૦૦૦ ★ સપ્ટેમ્બર–૨૦૦૫


## एक नज़र इधर भी !

“બાપ પોતાની વહુ સાથે, જમાઈ પોતાની સાસુ સાથે બદ્કારી (ઝિના) કરે અથવા વાસના સાથે તેના શરીરના કોઈ અંગનો સ્પર્શ કરી આનંદ પામે તો પતિ પત્ની બંને એકબીજા પર હમેશાં માટે હરામ થઈ જાય છે. કુર્આન, હદીષ અને ઈજમાઅથી એની ઉઘાડી સાબિતી છે. તેની હિકમતો અને સ્પષ્ટ સાબિતીઓની રોશનીમાં સદ્બુધ્ધિને ગ્રાહ્ય ખુલાસાઓ તેમજ અયોગ્ય નિવેદનોનું ઈન્સાફમય પરીક્ષણ.....”

# પ્રારંભિક વાત...

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

ઈસ્લામની વિરૂધ્ધ કે મુસલમાન વિરૂધ્ધ દુષ્ટપ્રચાર કરવો એ આજે ઈસ્લામ વિરોધી તત્વોનો ખાસ ધંધો જ બની ચૂક્યો છે અને તેમાં કહેવાતી સભ્ય પણ ઈસ્લામી દષ્ટિએ અસભ્ય ! ફાહિશા, ફાસિકા, નામ માત્રની મુસ્લિમ સ્ત્રીઓ તથા એવા જ મુસ્લિમ નામધારી પુરૂષો, કહેવાતા બુદ્ધિજીવીઓ પણ પોતાની કુબુધ્ધિનો પ્રચાર કરીને સસ્તી ખ્યાતિ પામવા ઈસ્લામથી બગાવતનું એલાન કરતા જોવા મળે છે. દુનિયામાં બળાત્કારના અસંખ્ય બનાવો પશ્ચિમી દેશોમાં તેમજ ઈન્ડિયા વગેરેમાં આ જ પ્રકારના બનાવ અવારનવાર બને છે. ત્યાં સ્ત્રી માટેની લાગણી કોઈને ઉભરાતી જોવા નથી મળતી ! પણ મુસ્લિમ સમાજમાં કાંઈ અજુગતુ બને તો તેને ચગવવામાં આવે છે. અને મિડીયાવાળા ટી.વી. તથા વર્તમાનપાત્રોવાળા તેમાં મીઠુ મરચુ ભભરાવી અતિશયોક્તિથી ભરી દઈને તેવા સમાચારોને લોકો સમક્ષ રજૂ કરે છે. એવા વિકૃત સમાચાર ઈમરાના સંબંધે પણ સતત પ્રસારિત થતા રહ્યા કે, શરીઅતના હુકમ હેઠળ ''ઈમરાનાએ તેના પર બળાત્કાર કરનાર સસરા સાથે નિકાહ કરવા પડશે અને તેના પતિને પોતાનો પુત્ર માનવો પડશે અને હવે તેની માં બનીને રહેવું પડશે ! વગેરે....'' વળી ગુમરાહ ફિર્કા કહેવાતા અહલે હદીષ તથા શીઆ કે કોઈપણ હોય અન્યધર્મીઓને કોઈ હક્ક પહોંચતો નથી કે



ઈમરાનાના મસ્અલામાં પોતાનું મંતવ્ય રજૂ કરે, કારણ કે હનફી મસ્લકને અનુસરનારાઓને ત્યાં આ મસ્અલો બનેલો છે અને તેનો જવાબ હનફી ઈમામોએ વરસોથી જે કુર્આન હદીષ થકી નિશ્ચિત કર્યો છે તેનાથી જે ફેંસલો રજૂ થાય છે તે અત્રેના લેખમાં દર્શાવ્યો છે. **અન્યધર્મીઓએ એટલા માટે ન બોલવું કે બુદ્ધિમાં કદી ન સમાય તેવી અસંખ્ય માન્યતાઓ તેમના ધર્મમાં છે જેનો ઉલ્લેખ ન કરું તો પણ લોકો સમજે છે ! અને ઉલ્લેખ કરી દઉં તો તેમને માઠુ લાગી જશે !** માટે ખોટો વિવાદ ઈસ્લામની વાતોમાં પડી ચગવવો ન જોઈએ. અહીં આમ જનતા અને **ખાસ કરીને મુસલમાનોની હિદાયત** માટે અત્રે આ લેખો રજૂ કરીએ છીએ જેને વાંચો અને પ્રસંગની હક્કાનિયત શું છે તે સમજો અને ઈસ્લામની પવિત્રતા તથા હિકમતોપૂર્ણ હુકમોનો અભ્યાસ કરી દિલોમાં ઈત્મિનાન ભરો. (બંને લેખોના અનુક્રમે અનુવાદકો પટેલ શબ્બીર અલી રઝવી તથા મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી છે.)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

# વર્તમાન સમયના કેટલાક હાહાકાર મચાવતા સવાલો તથા વાંધાઓ

ચોથાવલ સ્થળે, જિ. મુઝફ્ફર નગર, યુ.પી.માં ઈમરાના સાથે તેના સસરા થકી બળાત્કારનો જે પ્રસંગ મશ્હૂર થયો છે તે અત્યારે હિંદુસ્તાની મીડિયા (સમાચાર માધ્યમો)ના હેડીંગોમાં છે. આ રીતે એકવાર ફરી ઈસ્લામી શરીઅતનો એક મસ્અલો આપણા તથા પરાયા લોકોની વચ્ચે ચર્ચાનો વિષય બની ગયો. ઉલમાએ હનફી ફિકહની રોશનીમાં જે હુકમ બહાર પાડયો છે તેને પણ સ્ત્રીના જુલ્મપીડિત હોવાના હવાલાથી ટીકાનું નિશાન બનાવવામાં આવી રહ્યો છે. અને એવી વાતને હવા આપવામાં આવી રહી છે કે ઈમરાના વિશે હનફી ફિકહમાં જે હુકમ બયાન કરવામાં આવેલ છે તેમાં ઈમરાનાને ગુના વિનાની સજા આપવામાં આવી છે. જો મીડિયાનો આ પ્રચાર પૂર્વગ્રહ તથા અજ્ઞાનતાના પરિણામે છે તો નીચે મુજબની બાબતોનો જવાબ કુર્આન તથા હદીષની રોશનીમાં સ્પષ્ટ કરશો જેથી હનફી ફિકહના વિશે ફેલાયેલી ગલતફહમીઓ દૂર થઈ જશે.

(૧) આ મસ્અલાની શરઈ સ્થિતિ શું છે ?

(૨) શું ઈસ્લામમાં બળાત્કારની સજા જેના પર બળાત્કાર થયો તેને પણ આપવામાં આવે છે ?

(૩) જો હા ! તો આ સંજોગોમાં બળાત્કારનો ભોગ બનનારને



વિના વાંકે સજા આપવાનો સબબ શું ?!

(૪) અને જો બળાત્કારના બનાવમાં ભોગ બનનાર સજાની હક્કદાર નથી તો ઈમરાના કે જેની સાથે તેના સસરાએ બળાત્કાર કર્યો છે તે પોતાના પતિ પર હરામ હોવાની સ્થિતિમાં સજાની હક્કદાર કેમ ઠરી ?! અને પતિ પાસેથી જે નેઅમત છીનવી લેવામાં આવી, તે તેને ક્યા ગુનાહની સજા મળી ?! ઈમરાના સાથે તેના સસરાએ બળાત્કાર કર્યો, હવે તેણી પોતાના પતિ માટે કાયમ માટે હરામ થઈ ગઈ, સસરા સાથે પણ નિકાહ નથી થઈ શક્તો. અને આ બદનામીઓ પછી કોઈ ત્રીજો પણ તેણીને સ્વીકારશે નહીં. તો હવે ઈમરાનાના ભરણપોષણનો જિમ્મેદાર કોણ થશે ? ગુનો સસરાએ કર્યો અને જિંદગી ખરાબ થઈ વહૂની ?! શું ઈમરાના પર આ જુલ્મ નથી ?!

(૫) શું હાલના સંજોગોમાં ઈમરાના કોઈ અન્ય સાથે નિકાહ કરી શકે છે અથવા હજી પતિએ તલાક આપવું તથા નિકાહ તોડવું જરૂરી છે ? સાબિતીના સંજોગોમાં જો પતિ નિકાહ તોડવા કે તલાક આપવાથી દૂર રહે તો સ્ત્રીનું ઠેકાણુ ક્યાં રહેશે ?

(૬) સસરાના બળાત્કાર કર્યા બાદ ઈમરાના જો પોતાના પતિની સાથે રહેવા ચાહે તો શું કોઈ શરઈ હીલા બાદ એનો કોઈ માર્ગ નીકળી શકે છે ? નકારની સ્થિતિમાં પબ્લિકની બેચૈનીઓનું શું થશે જેઓ મસ્અલાને મુલ્લાઓની સખ્તી અને હઠધર્મી ગણી રહ્યા છે, જ્યારે કે આ સંજોગોમાં ગૈરમુકલ્લિદ અને શીઆઓએ માર્ગ કાઢી રાખ્યો છે ?

(૭) એક શંકા એ પણ રજૂ કરવામાં આવે છે કે જ્યારે ઝિના તથા બદ્કારીથી વશંજની સાબિતી નથી થતી પુત્ર માટે બાપની ઝિના કરેલી સ્ત્રી કેમ કરીને હરામ થઈ જશે ? બુખારી શરીફની હદીષ

છે :"**الولد للفراش وللعاهر الحجر**" તેમજ કુર્આને અઝીમે ઝિનાને અસ્બાબે તહરીમ (હરામ કરનાર સબબો)માં પણ ગણેલ નથી અને મુહર્રમાત (હરામ બાબતો)ને ગણાવ્યા બાદ કુર્આને અઝીમે અન્ય તમામના હલાલ હોવાનું એલાન ફર્માવ્યું :–

(અન્નિસાઅ્–૨૪) "**وَاُحِلَّ لَكُمْ مَّاوَرَاءَ ذٰلِكُمْ**"

(૮) ઈમરાનાવાળા મામલામાં જો ઝિનાની સાબિતીની શરઈ ગવાહી ન મળી શકે અને પછી કેવળ સ્ત્રીના દાવાની સ્થિતિમાં તે પોતાના પતિ પર હરામ કેમ થઈ ગઈ ?

(૯) ઈમરાનાવાળા મામલામાં જો સસરાથી ઝિનાની સાબિતી મળી જાય તો ગર્ભ રહેવાની સ્થિતિમાં એ બાળક સસરાનું ગણાશે કે પતિનું ?

**પૂછનાર : મુબારક હુસૈન મિસ્બાહી,** *તંત્રી : અશરફિયા માસિક (ઉર્દૂ), મુબારકપુર, આઝમગઢ, યુ.પી.*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## અલ્જવાબ

(૧) ઈમરાના સાથે તેના સસરાના બળાત્કારનો જે કિસ્સો ઈલ્કટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયા થકી હમદર્દીના નામ પર મશ્હૂર કરવામાં આવ્યો છે અને દુનિયાને એ ઠસાવવાની કોશિશશ કરવામાં આવી છે કે બળાત્કારના સંબંધે ઈસ્લામના આલિમોના મંતવ્યો અન્યાયી છે, ઘણા જ અફસોસજનાક છે, એ ક્યાંનો ઈન્સાફ છે કે કેવળ સ્ત્રીના ઈલ્ઝામ પર આખા ખાનદાનની ઈજ્જતને પાયમાલ કરવામાં આવે અને કોઈ મજબૂત સાબિતી પામ્યા વિના પતિ, સસરા તથા વહુ સર્વેને બદ્નામ કરવામાં આવે !"



તમે યકીન રાખો કે અદાલતી તપાસ થકી ઈન્શાઅલ્લાહુલ અઝીઝ એ હકીકત સામે આવી જશે કે રાઈને પર્વત બનાવીને પેશ કરવામાં આવેલ છે.

કિસ્સા ઝરા સા થા, ઉસે અફસાના કર દિયા

ઈસ્લામે વંશિક સગાઈ તથા રઝાઅત (દૂધનો સંબધ) તથા મુસાહરત (સાસરી તરફના સંબંધો)ના કારણે ઘણી સ્ત્રીઓને પુરૂષો માટે કાયમી ધોરણે હરામ કરી આપેલ છે. પ્રસ્તૂત મામલાનો સંબંધ "મુસાહરત"થી છે.

કોઈ સ્ત્રીની સાથે નિકાહ કે સંભોગ કરવાના કારણે અથવા સંભોગ પ્રતિ ઉશ્કેરતાં કામો જેમ કે (વાસના સાથે) ચુંબન તથા સ્પર્શ વગેરેના કારણે કેટલાક ખાસ પુરૂષ માટે ખાસ સ્ત્રીઓના નિકાહનું હરામ થવું એને "હુર્મતે મુસાહરત" કહે છે. એટલે નિકાહ કે સંભોગ અથવા વાસના સાથે સ્પર્શના કારણે જોવા મળતી હુર્મત તથા મનાઈ. આ હુર્મત (હરામ હોવું) તથા મનાઈના વર્તુળમાં ચાર પ્રકારની સ્ત્રીઓ આવે છે :–

**(૧)** પત્નીની માં (સાસુ), તેણીની દાદી, નાની **(૨)** પત્નીની પુત્રી. એ શર્તે કે પતિ પોતાની પત્ની સાથે સંભોગ કરી ચૂક્યો હોય. "પત્નીની પુત્રીનો મતલબ તે છોકરી જે બીજા પતિથી હોય. **(3)** પુત્ર, પૌત્રની પત્ની એટલે વહૂ **(૪)** બાપ, દાદા, નાનાની પત્નીઓ અને તે સ્ત્રીઓ જેમનાથી તેમણે સંભોગ કર્યો અથવા વાસના સાથે ચુંબન અથવા શરીરનો કોઈ ભાગ વાસના સાથે એ રીતે સ્પર્શ્યો કે શરીરની ગરમી મહસૂસ થઈ, ચાહે તે સંભોગ તથા ચુંબન વગેરે હલાલ હોય કે હરામ. કુર્આને હકીમની સૂરએ નિસાઅમાં હરામ સ્ત્રીઓનું બયાન એ જ અંતિમ પ્રકારથી શરૂ થયું

છે જેનાથી એ હુર્મત (હરામ હોવા)ની સખ્તી તથા મહત્વનો અંદાજો થાય છે. ઈસ્લામી કાનૂનની સનદધારી કિતાબો જેમ કે શરહે જામેઅ સગીર, મુહીત સરખસી, ફતાવા કાઝીખાન, હાવી કુદસી, બહરુર્રાઈક, ફત્હુલ કદીર, ઝખીરા, મુલ્તક્ત, ખુલાસા, જૌહરા નૈયરા, બદાએ ઉસ્સનાએઅ, જવાહિર અખ્લાતી, હિદાયહ, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, ફતાવા આલમગીરી વગેરે વગેરેમાં આ મસાઈલ ઘણા સ્પષ્ટ શબ્દોમાં નોંધેલ છે જે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (હદીષ)થી કાઢેલ છે. આ વિગતથી સ્પષ્ટ થાય છે કે ઈમરાનાનો મસ્અલો જે અંદાજથી ઉઠાવવામાં આવ્યો છે તેના પરથી તે હુર્મતે મુસાહરતના ત્રીજા પ્રકારમાંથી આવે છે અને ચોથા પ્રકારમાંથી છે કે નથી એ માટે સંશોધન જરૂરી છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૨, ૩) ઈસ્લામ ધર્મમાં કોઈ પણ જુર્મની સજા કેવળ જાલિમ તથા જાબિરને આપવામાં આવે છે. કોઈ મઝલૂમ (જુલ્મપીડિત) તથા મજબૂરને નથી આપવામાં આવતી, કે એ તેના ન્યાયી બંધારણની વિરુદ્ધ છે. ખાસ બળાત્કાર બાબતે બાંદીના માટે ખુદાએ કરીમનું રહમતભર્યું એલાન છે :–

"وَمَنْ يُّكْرِهْهُّنَّ فَاِنَّ اللّٰهَ مِنْ بَعْدِ اِكْرَاهِهِنَّ غَفُوْرٌ رَّحِيْمٌ"

"અને જેઓ બાંદીઓને ઝિના માટે મજબૂર કરે તો તેના પછી કે તેણીઓને મજબૂર કરવામાં આવી, અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." *(કુર્આને હકીમ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"تَجَاوَزَ اللّٰهُ عَنْ اُمَّتِیْ الْخَطَأَ وَالنِّسْيَانَ وَمَا اسْتُكْرِهُوْا عَلَيْهِ"



"અલ્લાહે મારી ઉમ્મત માટે ભૂલ ચૂક તથા જે કામ માટે તેઓને મજબૂર કરવામાં આવ્યા તેનાથી દરગુઝર ફર્માવી આપ્યા." *(તહાવી, ભાગ–૨, પેજ–૫૫)*

કારણ એ છે કે ઈસ્લામ કોઈ માણસને બસ એ હદ સુધી તેના કામનો જિમ્મેદાર ઠરાવે છે જે તેના વશમાં હોય, અને જે કામ તેના વશની બહાર હોય તેનો જિમ્મેદાર કે જવાબદાર તેને નથી ઠરાવતો. રબ તઆલાનો ઈર્શાદ છે :– "لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا" "અલ્લાહ કોઈ જીવને જિમ્મેદાર નથી ઠરાવતો પણ તેની શક્તિ પૂરતો." *(કુર્આને હકીમ)*

એટલા માટે કે અશક્ય છે કે ઈસ્લામ કોઈ મજબૂર કે મઝલૂમ (જુલ્મપીડિત)ને કાંઈ પણ સજા આપે. હા ! એ શક્ય છે કે માણસ પોતાની કમઅક્લી, બુદ્ધિની ઉણપ અથવા પૂર્વગ્રહના કારણે તેની ન્યાયપૂર્ણ હિકમતો તથા રહસ્યોને ન સમજી શકે અથવા જે ચીજ સજા નથી તેને સજા સમજી બેસે. **ઘણીવાર એવું થાય છે કે એક તીવ્ર બુદ્ધિશાળી તથા શાણો માણસ પોતાનાથી અધિક તેજ બુદ્ધિશાળી તથા શાણાપુરૂષની વાતોના ભેદોને તથા હિકમતોને નથી સમજી શક્તો. તો પછી તે ખાલિકે કાઈનાત (સૃષ્ટિના સર્જનહાર)ના કાનૂનોનાં રહસ્યો તથા હિકમતોને સંપૂર્ણપણે કઈ રીતે સમજી શકે છે ?! જ્યાં માનવ બુદ્ધિ કુદરતના કાનૂનને સમજવાથી લાચાર રહે ત્યાં તેણે પોતાની બુદ્ધિની ઉણપ સ્વીકારવી જોઈએ, એવું નહીં કે કુદરતના કાનૂનન પર વાંધો કરવો જોઈએ !** વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૪) જુર્મની સજા આપવી અલગ વાત છે અને જુર્મના સબબે તેની પીડાજનક અસરો બાદમાં પણ જોવા મળે એ અલગ વાત છે. આ કુદરતનું કારખાનુ સબબ તથા (મુસબ્બબ) સબબથી ઉદ્‌ભવનારના આપસના આકર્ષણબળના નિયંત્રણ હેઠળ ગતિમાન છે કે સબબ જયારે મયસ્સર થઈ જાય છે તો તેના પરિણામે ઉદ્‌ભવ પણ અસ્તિત્વમાં આવી જાય છે. લોઢાને આગમાં તપાવી દેવામાં આવે તો તેમાં આગના જેવી તાસીર પેદા થઈ જાય છે. ભલે લોઢુ આપણુ હોય કે અન્યનું જેને બળપૂર્વક છીનવીને આગમાં ફેંકી દેવામાં આવ્યું. અને ગમે તે રીતે લોખંડમાં જો આગની તાસીર આવી ગઈ તો લોખંડના માલિકને પણ તેની નજીક જવાથી રોકવામાં આવશે કે ભલે તેને તેની જરૂરત હોય. અને એ શિકાયત નિરર્થક ગણાશે કે માલિકનો શો વાંક છે કે તેને પોતાની ચીજને અડતાં રોકવામાં આવી રહેલ છે.

પાણીથી ભરેલુ વાસણ કોઈ જાલિમ જબરદસ્તી બીજાથી છીનવીને તેમાં પેશાબ કરી આપે તો તેને નાપાક કહેવામાં આવશે. પાણી કોઈ ગરીબ, લાચારનું હોય તો પણ તેના માટે તે પાણી નાપાક તથા હરામ જ રહેશે. તો શું અહીં કોઈ વિચારી શકે છે કે એ ગરીબ, લાચાર માણસનો શું કુસૂર કે એને એ પાણીથી રોકી દેવામાં આવ્યો ? જુર્મ કોઈ અન્યે કર્યો અને સજા આ ગરીબને આપવામાં આવી રહી છે !

સ્ત્રી સાથે સંભોગ એ ગર્ભ રહેવાનો સબબ નિયમ પ્રમાણે છે, ભલે એ સંભોગ હલાલ હોય કે હરામ, અને ચાહે સ્ત્રીની ઈચ્છાથી હોય કે જબરદસ્તી તેણીને મજબૂર કરીને હોય. હવે જો કોઈ બેશરમે કોઈ સ્ત્રીને મજબૂર કરીને જબરદસ્તી તેને પોતાની વાસનાનું નિશાન બનાવી જેના પરિણામે તેણીને ગર્ભ રહી ગયો પછી તેણી નવ માસની



તકલીફોને વેઠતી રહી, ત્યારબાદ પ્રસવ પીડા તથા બાળ ઉછેરની તકલીફોનો સામનો પણ તેણીએ લાચારીપૂર્વક કરવો પડયો. તો અહીં એવું કહેવું યોગ્ય ગણાશે નહીં કે જુર્મ કોઈ અન્યનો છે અને મઝલૂમ તથા મજબૂરને ગુનાહે બેગુનાહીની સજા મળી રહી છે કે તે ગર્ભ તથા પ્રસૂતિ વગેરેની તકલીફો પણ વેઠે, સાથોસાથ સમાજમાં બદ્‌નામી તથા ઝિલ્લતની સાથે બેસહારા પણ થઈ જાય.

કોઈ જાલિમે કોઈ મોહતાજની બકરી જબરદસ્તી છીનવી લીધી પછી તેનું ગળુ દબાવીને મારી નાખી. તો યકીનન ! તે તેના માલિક માટે હરામ થઈ ગઈ. શું કોઈ સુબુદ્ધિવાળો અહીં એ વાતથી સંમત થઈ શકે છે કે ગળુ જાલિમે દબાવ્યું જેથી મોહતાજને આ સજા ન આપવી જોઈએ કે મુડદા બકરીનો ગોશ્ત ખાવા તથા વેચવાથી તેને રોકી દેવામાં આવે ?

દષ્ટાંતોમાં આગોમાં તપી જવું સબબ છે અને લોખંડનું ગરમ થવું મુસબ્બબ (સબબનું પરિણામ) છે, પાણીમાં પેશાબ કરવો સબબ છે અને પાણીનું નાપાક તથા હરામ થઈ જવું મુસબ્બબ છે. સંભોગ કરવો સબબ છે અને ગર્ભનું રહી જવું મુસબ્બબ છે. બકરીનું ગળુ દબાવવું સબબ છે અને તેના કારણે બકરીનું મૃત્યુ પામવું અને હરામ થઈ જવું મુસબ્બબ છે. હવે જો લોઢાના ગરમ થવાથી, પાણીના નાપાક થવાથી, ગર્ભના રહી જવાથી, અને બકરીનું હરામ થવાથી મઝલૂમ કોઈ તકલીફ તથા મુસીબતમાં પડી રહ્યો છે, તો એવું નથી કહી શક્તા કે કુદરત તેને સજા આપી રહી છે જેથી કુદરતની વ્યવસ્થાને બદલી નાખવામાં આવે. કેમ કે એ તકલીફ તથા મુસીબત જાલિમના અપનાવેલા સબબોની અસરોથી છે. બીજા શબ્દોમાં કહીએ તો એ કે એ પણ તેના જુલ્મનો એક હિસ્સો છે. આ પ્રકારની

ઘણી સાક્ષીઓ ઈલ્મ તથા બુદ્ધિવાળાઓને ચિંતન માટે નિમંત્રી રહી છે કે કુદરતના કારખાનાની કાર્યપદ્ધતિને જુઓ અને સહી નતીજા પર પહોંચવાની કોશિશ કરો. પરંતુ :–

આંખે અગર હૈં બંદ તો ફિર દિન ભી રાત હૈ
ઈસમેં કુસૂર કયા હૈ ભલા આફતાબકા ?

આ દષ્ટાંતો પ્રકૃતિના કાનૂનની છે જેનાથી બળાત્કારના કજીયામાં શરીઅતના કાનૂનને સમજવામાં રોશની પ્રાપ્ત કરી શકાય છે.

વહૂની સાથે સસરાનું કુકર્મ બળપૂર્વક હોય કે સ્વચ્છાએ, તે પતિ માટે તેણીના હરામ થવાનો સબબ છે. જેમ કે કુર્આન તથા હદીષનાં ફર્માનો એનાં સાક્ષી છે. હકીકત એ છે કે **ઈસ્લામ એને ઘણી જ બેશરમી તથા બેહયાઈ ઠરાવે છે કે જે સ્ત્રી સાથે પુત્ર સંભોગ કરી ચૂક્યો તેના સાથે બાપ સંભોગ કરે, ચાહે એ સોહબત જાઈઝ હોય કે નાજાઈઝ, હલાલ હોય કે હરામ. તેને જાઈઝ સંભોગની સાથે ખાસ કરવું માનવ સહજ શરમની તદ્દન વિરૂદ્ધ છે. શું એક બાગૈરત (શરમ ધરાવનાર) પુત્રને એ માન્ય થઈ શકે છે કે જે સ્ત્રીની સાથે (અલ્લાહની પનાહ !) તેનો બાપ બદ્‌કારી કરી ચૂક્યો અને તે જાણવા છતાં તેણીની સાથે પોતે સંભોગ કરે ? તો પછી એક માણસ તથા જાનવરમાં શું ફરક રહી જશે ?! કેમ કે જાનવરોમાં બાપ તથા પુત્ર બંનેવ જ કોઈ માદા સાથે પોતાની વાસનાની તરસ બુઝવી લે છે અને માણસ પણ એના જેમ જ પોતાની હવસની પ્યાસ બુઝાવે !**



બરાબર એ જ પ્રમાણે **ઈસ્લામી શરીઅત એને પણ બેશરમી ઠરાવે છે કે એક વ્યક્તિ માં તથા પુત્રી બંને સાથે સંભોગ કરે એ પણ જાનવરોનો તરીકો છે જે માનવતાની તદ્દન વિરુદ્ધ છે.**

સારાંશ કે વહુની સાથે સસરાનો સંભોગ માનવતાની દષ્ટિએ પણ હરામનો સબબ છે એટલા માટે જ્યારે આ સબબ કોઈ રીતે જોવા મળે તો સ્ત્રીએ વિવિધ પ્રકારની તકલીફો પણ વઠવી પડશે પણ એ ઈસ્લામ તરફથી એની સજા નથી બલ્કે સસરાના દુષ્કૃત્યનો એક ભાગ છે. બીજા શબ્દોમાં સબબનો મુસબ્બબ (સબબથી પેદા થનાર અસર) છે.

એક જાલિમ માણસ જ્યારે કોઈ બેગુનાહ માણસને નાહક કત્લ કરે છે તો કત્લ થનારનાં બાળકો યતીમ, બીવી બેવા અને તેનાં વૃદ્ધ માં બાપ બેસહારા થઈ જાય છે, અને પાછળનાંઓને ઘણી બધી તકલીફો પણ વેઠવી પડે છે. પણ દરેક સમજબુઝ ધરાવનાર માનવી એ સ્વીકારે છે કે આ બધું નિર્દયી ખૂનીના જુલ્મ તથા સિતમનો એક ભાગ છે જેના પરિણામે તેને કાનૂની રીતે કત્લ કરવામાં આવે છે અને એનાથી મોટી તેને કોઈ પણ સજા નથી આપી શકાતી. એ જ પ્રમાણે સસરાના જુલ્મનો ભોગ બનેલી વહુની આબરૂનું ખૂન તેના માટે જે મુશ્કેલીઓ લાવે છે તે સૌ આ મહાન જુર્મને આધિન છે જેના પરિણામે ઈસ્લામ અત્યંત બોધદાયક અંદાજમાં તેના નાપાક અસ્તિત્વથી ધરતીનો સીનો પાક કરી દે છે અને આવા બેહયાના માટે એનાથી મોટી સજા પણ નથી હોઈ શકતી.

"સજા"માં અને "જુર્મની અસરો"માં ફર્ક કરવો એ વાસ્તવિક્તાને સ્વીકારવાનો અમલ છે. જે લોકો જુર્મની અસરોને સજાનું નામ

આપીને શરીઅતના કાનૂનની પાઘડી ઉછાળી રહ્યા છે તેમણે પોતાની આસપાસ થતા જુર્મો અને તેની અસરોનો અભ્યાસ કરવો જોઈએ. એકવાર ઠંડા દિલથી પોતાનાં મંતવ્ય પર ફેરવિચારણા કરવી જોઈએ અને ઈસ્લામ તથા ઈસ્લામના ઉલમાના સંબંધે પૂર્વગ્રહને પોતાના દિલથી હટાવવાનું વિચારવું જોઈએ.

ઈ'ન મસાઈ'લમેં હૈ કુછ ઝર્ઈ નિગાહી દરકાર
યે હક઼ાઈ'ક હૈં, તમાશાએ લબે બામ નહીં

અહીં એ હૈસિયતથી પણ વિચાર કરો કે આપણા ઉચ્ચ વિચારવાળા તત્વચિંતકો તથા મહેરબાન મીડિયાવાળા સસરાથી જુલ્મ પામેલી વહુ, તેના પતિ અને તેની ઔલાદને માટે જે રીતે ચિંતિત તથા ફિક્રમંદ છે અને તેમનાં દિલો દુઃખી થઈ રહ્યાં છે, તો શું હિંદુસ્તાનમાં હજારો બાપ પોતાની વહુ, પુત્ર અને તેમની ઔલાદના સંબંધે એટલા ચિંતિત તથા દુઃખી નહીં હોય ? છેવટે તેમની પાસે પણ દિલ છે :–

દિલ હી તો હૈ ન સંગે ખુશ્ત, દર્દસે ભર ન આએ ક્યૂં ?

બલ્કે દરેક શખ્સને પોતાનાં સ્વજનોની તકલીફનો એહસાસ અન્ય લોકોની સરખામણીમાં અધિક થાય છે. એટલા માટે યકીનન ! આપણા સમાજમાં હજારો એવા સસરાઓ હશે જેમનાં દિલો મીડિયાથી અધિક દર્દમંદ હશે અને તેઓ એકવાર આ શરઈ હુકમથી બાખબર થયા બાદ હજારવાર પોતાના નફ્સે અમ્મારાને લગામ લગાડશે જેથી તેમના કારણે તેમના ખાનદાનની ઈજ્જત પર આંચ ન આવે અને તેમની વહુઓ, પુત્રો, પૌત્રોની રાહત તેમની એક પળની લિજ્જતને ભેટ ન ચઢી જાય. ઈન્સાફ શર્ત છે, શું આ એક કાનૂન અસંખ્ય વહુઓ, પુત્રોની ઈજ્જત આબરૂનો રક્ષક તથા પવિત્રતાનો



જામિન નથી ? જો આ કાનૂન ન હોત તો ન જાણે કેટલીયે વહુઓ વાસનાના વરૂઓનો શિકાર બની જાત અને સસરા વહુના સંબંધની પવિત્રતા વારંવાર પાયમાલ થતી રહેત.

આજે (સાબિતીની શર્તે) જે દુઃખદ બનાવ આપણી સમક્ષ છે અથવા ક્રમે ક્રમે સામે આવતો રહે છે તેનો મોટો સબબ શરીઅતના આ કાનૂનથી આમ લોકોની અજ્ઞાનતા છે. જરૂરત છે કે આ પ્રકારના મસાઈલથી એક ચળવળના રૂપમાં લોકોને માહિતગાર કરવામાં આવે જેથી અજ્ઞાનતાના કારણે આવા કેસો ઉપસ્થિત ન થાય. મને તેહકીકથી માલૂમ નથી કે આવો કોઈ પ્રસંગ બન્યો હોય પરંતુ જો (ખુદાની પનાહ !) એવું કાંઈક છે જે સાંભળવામાં આવી રહ્યું છે તો મારું ખાત્રીપૂર્વકનું ગુમાન એ છે કે ઈમરાનાનો સસરો આ મસ્અલાથી અજ્ઞાન હશે. અહીં એ બાબત ધ્યાનમાં રાખશો કે આ પ્રકરણમાં અજ્ઞાનપણુ ઉઝ્ર (મજબૂરી) નથી, નહીં તો ઘણા (હવસ પરસ્ત) વાસનામાં અંધ બનેલા અજ્ઞાન જ બનવા માંડશે.

મુસલમાનો ! જ્યારે સસરા તથા વહૂનો સંબંધ આટલા અંશે પાકીઝા (પવિત્ર) અને અતિ ગંભીર છે તો સસરા, વહુ, પતિ સૌની સામૂહિક જિમ્મેદારી છે કે તેની રક્ષાની ખાસ કાળજી રાખે. દા.ત. સસરો દૂર રહેવાની કોશિશ કરે, વહૂ બની ઠનીને આકર્ષણ ઉભુ કરીને સસરાની નજીક ન જાય, અને પતિ પણ ખાસ ધ્યાન રાખે. જ્યારે સંબંધ આવી સામૂહિક કાળજીની માંગણી ધરાવે છે તો તેનાથી વિરુદ્ધ વર્તન જો સૌની પરેશાનીનો સબબ બની જાય તો એવું ન કહેવું જોઈએ કે વિના ગુનાહે સજા આપવામાં આવી રહી છે.

કુર્આને હકીમનું સ્પષ્ટ ફર્માન એના અનુસંધાનમાં છે :–

"يَآاَيُّهَاالَّذِيۡنَ اٰمَنُوۡا قُوۡا اَنۡفُسَكُمۡ وَاَهۡلِيۡكُمۡ نَارًا"

"હે ઈમાનવાળાઓ ! જહન્નમથી પોતાને પણ બચાવો અને પોતાનાં ઘરવાળાંઓને પણ." *(આ. ૬, સૂરએ તહરીમ)*

હદીષ સહીહમાં છે કે હુઝૂર અકદસ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :

"كُلُّكُمْ رَاعٍ وَكُلُّكُمْ مَسْئُوْلٌ عَنْ عَيَّتِهِ" "તમારામાંથી દરેક વ્યક્તિ નિગેહબાન છે અને તમારામાંથી દરેક વ્યક્તિને તેના હાથ નીચેનાઓનાં વિશે પૂછવામાં આવશે."

સમુદ્રના મુસાફરો જાનની રક્ષા ચાહે છે તો જરૂરી છે કે ભૂલથી પણ કશ્તીનો તખ્તો ન ખૂદ કોઈ તોડે ન અન્યને કોઈ રીતે તોડવા દે. જો ગફલત તથા નિષ્કાળજીમાં કે જબરદસ્તી કોઈએ એવી હરકત કરી નાખી તો સૌએ ડૂબવું પડશે અને એ ફરિયાદ મૂર્ખાઈ ઠરશે કે જે લોકોએ એને તોડવામાં ભાગ નથી લીધો તે કેમ ડૂબી રહ્યા છે ?! અને તેમને વિના વાંકે સજા કેમ મળી રહી છે ? કેમ કે અહીં તેમની જિમ્મેદારી ફક્ત તખ્તો ન તોડવાની જ નથી, બલ્કે એ વાત પર નજર રાખવાની પણ છે કે કોઈ નાદાન એવી બેવકૂફી ન કરી બેસે અને કોઈ જાલિમના હાથે એવી શરારત ન થવા પામે.

છેવટમાં એક વાત એ પણ સ્પષ્ટ કરી દઉં કે આજે પણ અલ્લાહના ઘણા નેકબંદાઓ છે જેઓ આ પ્રકારની જુલ્મ પીડિત સ્ત્રીઓને પણ પોતાની પત્ની તરીકે સ્વીકારી લે છે. એ જ કારણે દારુલ ઈફતામાં આજ સુધી એવી એક સ્ત્રીની પણ ફરિયાદ નથી મળી કે તેણી બેસહારા એકલવાયી જિંદગી ગુજારી રહી છે. જો ધારો કે એવી કોઈ બદ્નસીબ સ્ત્રી ક્યાંક આપણા સમાજમાં જોવા મળે છે અથવા ભવિષ્યમાં જોવા મળે તો મુસ્લિમ સંસ્થાઓ અને અહલે ખૈર હઝરાતની જિમ્મેદારી છે કે તેઓ તેણીના નિકાહ, ભરણપોષણની યોગ્ય વ્યવસ્થા કરી આપે અને તે સ્ત્રી ગમે તેમ



કરી **અલ્લાહથી ડરે કે જેનો વાયદો છે કે જે તેનાથી ડરશે તેના માટે રોજીમાં રાહતનો માર્ગ આપશે.**

"وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًاوَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ"

–(અલ્ કુર્આન) વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૫) વર્તમાન સંજોગોમાં હજી આ કેસ સંશોધનને પાત્ર છે, કેમ કે **મીડિયાનું વર્ણન ઝિનાની સાબિતીમાં અને પતિના હક્કમાં પત્નીના હરામ થવા સંબંધે તદ્દન કોઈ હૈસિયત ધરાવતુ નથી.** પ્રથમ આ કેસ અદાલતમાં દાખલ કરવામાં આવે પછી ત્યાંથી એ તપાસ કરવામાં આવે કે :–

(अ) સસરાએ ખરેખર ઝિના કર્યો છે ?

(ब) ઝિના કર્યો છે તો શું તે તેનો ઈકરાર કરે છે ?

(क) શું શરીઅત મુજબ ગવાહોની ગવાહીથી સાબિત છે ?

(ड) સસરાના ઈકરાર અથવા પત્નીના આક્ષેપની સ્થિતિમાં શું પતિએ તેને સમર્થન કર્યું છે ?

જો ઝિનાની શરઈ સાબિતી દીનદાર સાક્ષીઓના થકી થઈ જાય, અથવા પતિ સમર્થન કરી આપે કે તેના બાપે તેની પત્ની સાથે ઝિના કર્યો છે, અથવા કમસે કમ વાસના સાથે તેના શરીરને સ્પર્શીને લિજ્જત માણી છે અથવા પતિના દિલમાં ખાત્રીપૂર્વકના ગુમાનની હદ સુધી એ ઈત્મિનાન હાંસલ થઈ જાય કે તેનો બાપ તેની પત્ની સાથે બુરાઈમાં સંડોવાયો, તો હાકેમ એ ફેંસલો બહાર પાડશે કે વહુ તેના પતિ માટે હરામ થઈ ગઈ. ખાત્રીપૂર્વકના ગુમાનની સ્થિતિમાં જો પતિ તેને પ્રદર્શિત ન કરે તો પણ શરઈ હુકમ એ જ છે કે પતિ તેને કતઈ હરામ જાણે. ઉપર પ્રમાણેની તેહકીકાત વિના હરામ

થવાનો હુકમ બહાર પાડવો શરઈ દષ્ટિકોણ મુજબ અશક્ય છે.

ધારો કે ઉપરોક્ત તેહકીકાત પછી હાકિમે એ શરઈ હુકમ બહાર પાડી આપ્યો કે વહુ પોતાના પતિ ઉપર હરામ છે, તો કેવળ એટલાથી તેનો નિકાહ નથી તૂટતો, બલ્કે કેવળ ફાસિદ થયો. એટલે કે નિકાહ તૂટયો નથી પણ એમાં એક એવી ખરાબી પેદા થઈ ગઈ જેના કારણે પત્ની પર પતિના નિકાહની માલિકી બાકી રહેવા છતાં તે તેણી સાથે સંભોગ નથી કરી શક્તો. જેમ કે પાણીમાં કોઈ પેશાબ કરી નાખે તો પણ પાણી પર માલિકની માલિકી બાકી રહેશે પણ તેને પીવું હરામ થાય છે.

સારાંશ કે ઉપરોક્ત વાત પ્રમાણે જ્યારે પત્ની હરામ થઈ ચૂકી છે તો પતિ પર ફર્ઝ છે કે તલાક આપીને તેણીને મુક્ત કરી આપે. અને જો પતિ તેમ ન કરે તો મામલો શરઈ કાઝીને ત્યાં રજૂ કરવામાં આવે, તે ઉપરોક્ત જણાવ્યાનુસાર તેહકીકાત પછી બંનેને અલગ કરી આપે. જો તે ઈલાકામાં કોઈ શરઈ કાઝી અથવા તેનો નાયબ ફકીહ જેની પાસે ફત્વા આવતા હોય અથવા તેને ત્યાં મામલો ન લઈ જાય તો પતિનો સામાજિક બહિષ્કાર કરીને તેને તલાક આપવા માટે મજબૂર કરવામાં આવે અને અનુભવસિદ્ધ છે કે આવા સંજોગો ઉપસ્થિત થતાં પતિ પત્નીને પોતાના નિકાહના બંધનોથી મુક્ત કરી આપે છે. "મુતારકા" એ છે કે પતિ એવા શબ્દો કહે જેનાથી જુદાઈ તથા અલગતાનો ઈઝહાર થતો હોય, જેમ કે મેં તેને ત્યજી દીધી, હું તેનાથી જુદો થયો, તેણી આઝાદ છે, તેણી કોઈ અન્યથી નિકાહ કરી શકે છે વગેરે.

આ સ્થિતિમાં એક પ્રશ્ન ઉઠે છે કે હવે તેમનાં બાળકો ક્યાં રહે ? તો ઈસ્લામી શરીઅતે આ પાસુ પણ ખાલી નથી છોડયું બલ્કે એવી સ્પષ્ટ હિદાયત કરી છે કે **છોકરા સાત વરસની ઉંમર**



**સુધી** અને **છોકરીઓ નવ વરસની ઉંમર સુધી માની સારસંભાળ હેઠળ રહે** ત્યારબાદ બાપની સારસંભાળ હેઠળ રહેશે, અને બાપ પર વાજિબ થશે કે તેનાં **બાળકો જ્યાં સુધી પોતાની માં પાસે રહે તેમના સર્વ ખર્ચાઓ માંને આપે,** સાથોસાથ માંને ઉછેર કરવાની મહેનત પણ આપે.

આ તો પ્રશ્નનો જવાબ થયો પણ સાથોસાથ બનાવની સાચી સ્થિતિની પણ તપાસ કરવી જોઈએ. જ્યાં સુધી મને ખબર છે, આ મામલાની સ્થિતિ કેવળ એટલે સુધી છે કે ઈમરાનાએ કોઈક કારણસર પોતાના સસરા પર બળાત્કારનો આક્ષેપ લગાડયો છે પણ તેનો કોઈ સાક્ષી નથી. અને પ્રસંગ પણ એ જ છે કે ઝિનાના શરઈ સબૂતની પ્રાપ્તિ અતિશય મુશ્કેલ હોય છે કે જે કામ લોકોની નજરોથી બચીને કરવામાં આવે તેની સાબિતી અને તે પણ શરઈ સાબિતી કઈ રીતે હાંસલ થાય ?! રહ્યો ઈકરાર, તો એ પણ મૌજૂદ નથી. કેમ કે ઈમરાનાનો સસરો આક્ષેપથી અલિપ્ત હોવાનો ઈઝહાર કરી રહ્યો છે અને પતિ ખામોશ છે, જ્યારે કે આ ખાસ સ્થિતિમાં તેનું બયાન નિર્ણાયક સ્થાન ધરાવે છે. ધારો કે જો ઈમરાનાનો સસરો ઈકરાર કરી ચૂક્યો હોય તેના કારણે તે શરઈ સજાને પાત્ર થશે પણ જ્યાં સુધી ઈમરાનાનો પતિ આ આક્ષેપ અથવા ઈકરારની સત્યતાનો સ્વીકાર કરશે નહીં ત્યાં સુધી તેની પત્ની પર હરામ થશે નહીં. નહીં તો કોઈ સસરો પોતાની વહુથી નારાજ થઈને તેને પોતાના પુત્રથી અલગ કરવા ચાહે તો આ પ્રકારના ગુનાહનો ઈકરાર કરીને જ્યારે ચાહે જૂદી કરાવી શકે છે. એ જ પ્રમાણે સ્ત્રી પણ આ પ્રકારનો ધોકો પતિથી જૂદાઈના માટે કરી શકે છે, પણ ઈસ્લામે પતિના સમર્થનની શરત લગાડીને આ પ્રકારની ચાલબાજી તથા પ્રપંચથી નિકાહના

સંબંધ પર કોઈ આંચ આવવાથી તેને બચાવી લીધો છે.

સારાંશ કે જ્યારે શરઈ સાબિતી ઉપલબ્ધ નથી, સસરાએ પણ ઈન્કાર કરી આપ્યો છે અને પતિએ સમર્થન નથી કર્યું તો સમાચાર માધ્યમો (મીડિયા)એ અત્યાર સુધી જે કાંઈ કાદવ ઉછાળ્યો તે સૌ સઘળા પાણીના પરપોટા અથવા હવામાં ફાયરીંગથી અધિક કોઈ હેસિયત ધરાવતુ નથી ! ''હુર્મતે મુસાહરત''ના સબબોના માટે બે આદિલ ગવાહોની જરૂરત છે અને ઝિનાની સાબિતીના માટે નજરો નજર જોનાર ચાર આદિલ ગવાહોનું હોવું અથવા ઝાની (વ્યભિચારી)નું ચાર વખત ચાર મજલિસોમાં ઈકરાર કરવું જરૂરી છે. પણ આશ્ચર્ય છે એ દાનિશમંદો પર કે જેઓએ વિના તેહકીકે ઈમરાનાના સસરાનું નામ લઈને તેના પર રજમ તથા સંગસારીનું ફર્માન લાગુ કરી આપ્યું ! અને આ રીતે તેની બદ્નક્ષી કરી છે. શું એમને ખબર નથી કે અખબારી નિવેદન અથવા રેડીયો તથા ટેલીવિઝનની ઝબાની શરઈ સાબિતીનો દરજ્જો નથી ધરાવતી ? શું એમને એ પણ માલૂમ નથી કે **સંપૂર્ણ તેહકીક વિના કોઈના પર વ્યભિચારના ગુનાહનો ઈલ્ઝામ લગાડવો જાઈઝ નથી ? અને જો દાર્શનિક પુરાવાઓના વિના ઝિનાનો ઈલ્ઝામ લગાડયો હોય તો તોહમત લગાડનાર શરીઅતની રૂએ હદ્દે કઝફ (૮૦ કોરડા)ની સજાનો હક્કદાર બને છે ?** કોઈ કાલ્પનિક નામ પર લગાડવામાં આવેલા ઈલ્ઝામનો હુકમ બયાન કરવો અલગ ચીજ છે. આધારહિન ચીજનો સહારો લઈને જે લોકોએ પણ આ પ્રકારનો હુકમ અસલી નામ પર લાગુ કર્યો છે તેમણે જોઈએ કે તુરત જ તે નામની વ્યક્તિ પાસે માફી માંગે અને ખુદાની બારગાહમાં પોતાની એ ધટાઈ અને ઉતાવળ પર સાચા દિલથી તૌબા કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.



(૬) મુસલમાનને જ્યારે શરઈ હુકમ માલૂમ થઈ જાય છે તો તે તેની સમક્ષ પોતાની ગરદન ઝુકાવી લે છે, તે કોઈ બેચેની પ્રદર્શિત કરતો નથી. તમે જેને ''પબ્લિકની બેચેની''નું નામ આપી રહ્યા છો તે હકીકત ઈસ્લામ અને ઈસ્લામના આલિમોને બદ્નામ કરવાના માટે એક નીચ કક્ષાની કોશિશ છે. અને તેને મુલ્લાંઓની હઠધર્મી તથા સખ્તી કહેવું ''વાણી સ્વતંત્રતાના અધિકાર''નો દુરુપયોગ છે. આ હુકમ કુર્આન તથા હદીષથી સાબિત છે અને ઘણાયે સહાબાએ કિરામ તથા તાબઈને એઝામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો મત છે કે **તહકીકાતના થકી હુર્મતની સાબિતી સુધી પહોંચી જાય તો પત્ની તેના પતિ માટે જીવનભર માટે હરામ થઈ જાય છે અને પછી તેના હલાલ થવાનો કોઈ અવકાશ બાકી નથી રહેતો.** વર્તમાન કેસ ઉપર પણ હુર્મત (હરામ હોવા)ની સાબિતી મળી જવાના સંજોગોમાં આ હુકમનું લાગુ થવું એ જ પ્રમાણે રહેશે.

શીઆઓ તેમજ ગૈર મુકલ્લિદોએ કાંઈક સ્કોપ બાકી રાખ્યો છે પણ એનાથી ઈમરાનાને (હુર્મત સાબિત થવાની શર્તે) શો ફાયદો ?! કે તેણી ન તો શીઆ છે ન ગૈર મુકલ્લિદ. વળી કોઈ પણ સુન્નીને આ અવકાશ સાથે શી લેવા દેવા ?! શીઆઓએ ''મોતઅ'' (ટેમ્પરરી નિકાહ)ની પણ ગુંજાઈશ કાઢી રાખી છે ! તો શું સહુલત પસંદીને લીધે કોઈ સુન્ની તેને કબૂલ કરી શકે છે ? અને ગૈર મુકલ્લિદોને ત્યાં ફત્હુલ મુગીષ, પેજ–૫૫ અને તરીકા મુહમ્મદિયા, પેજ–૭ પ્રમાણે કેવળ સાત ચીજો નાપાક છે :–

(૧) **માણસનો પેશાબ** (૨) **મળ** (૩) **કૂતરાની લાળ** (૪) **મળ** (૫, ૬) **માસિક તથા સૂવાવડનું લોહી** (૭) **અને**

**સુવ્વરનો ગોશ્ત.** બાકી સર્વ ચીજોમાં અસ્લ પાકી છે (એટલે અસલ હુકમ પાકીનો છે.) જ્યાં સુધી એવી સહી નકલ જેના પર વાંધો ન હોય તો ગુંજાઈશ (અવકાશ)ના કારણે **કોઈ સુન્ની વ્યક્તિ સુવ્વરનો પેશાબ અને કૂતરાના વિર્ય વગેરે ઘણી બધી નાપાક ચીજોને પાક માની શકે છે ?** મોલ્વી મુહમ્મદ સઈદ શાગિર્દ મોલ્વી નઝીર હુસૈન સાહબ "હિદાયતે કુલૂબે કાસિયા"માં લખે છે કે, "જે પોતાની પત્ની સાથે સંભોગ કરે અને વિર્ય સ્ખલન ન થાય તો તેની નમાઝ ગુસલ વિના દુરુસ્ત છે." તો શું કોઈ સુન્ની આ ગુંજાઈશને સ્વીકારી શકે છે જ્યારે આ હુકમ સહીહ હદીષની તદ્દન વિરૂદ્ધ છે. અમારો મકસદ કોઈના મઝહબ પર ટીકા ટીપ્પણ કરવાનો નથી. અમે અમારી પબ્લિકની સમજના માટે અનાયાસે આટલો ખુલાસો કરી આપ્યો જેથી તેઓ એવું ન વિચારે કે તેમને ત્યાં આ ગુંજાઈશ છે તો આપણે ત્યાં કેમ નથી ?! જેથી ઈમરાના જ્યારે હનફી મઝહબને અનુસર કરનારી છે તો તેણીએ એ જ મઝહબ પર કાયમ રહેવું જોઈએ અને તેણી ઈન્શાઅલ્લાહ ! તેના પર કાયમ રહેશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૭) સંભોગ હરામ હોય કે હલાલ તેનાથી હુર્મતે મુસાહરતની સાબિતી કુર્આને હકીમની વિવિધ આયતો તથા હદીષોથી છે અને એ જ ઘણાયે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ અને બહુમતિ (જમહૂર) તાબઈન તથા મુજતહિદ ઈમામો عَلَیْھِمُ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ નો મઝહબ છે.

**સહાબાએ કિરામ** : જેમ કે હઝરત અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ, અલ્લામાએ સહાબા હઝરાત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, આલિમે કુર્આન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અકરઉસ્સહાબા હઝરત ઉબય ઈબ્ને કઅબ, હઝરત ઈમરાન ઈબ્ને હસીન, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ.



**તાબઈને કિરામ** : જેમ કે હઝરત ઈમામ હસન બસરી, અફઝલુત્તાબઈન હઝરત સઈદ ઈબ્ને મુસૈય્યિબ, ઈમામે અજલ હઝરત ઈબ્રાહીમ નખઈ, ઈમામ આમિર શઅબી, ઈમામ તાઉસ, ઈમામ અતા ઈબ્ને ઉબય રબાહ, ઈમામ મુજાહિદ, ઈમામ સુલૈમાન ઈબ્ને યસાર, ઈમામ હમ્માદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ.

**મહાન મુજતહિદો** : જેમ કે ઈમામ અબ્દુર્રહ્માન અવઝાઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ ઈસ્હાક ઈબ્ને રાહવિયા, અને એક રિવાયતમાં ઈમામ માલિક ઈબ્ને અનસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ. *(ફત્હુલ કદીર, ભાગ-૩, પેજ-૧૯)*

શું આ હઝરાત પણ સખ્તી કરનારા અને હઠધર્મી મુલ્લા છે ?! (મઆઝલ્લાહ !)

યૂં નઝર દોળે ન બરછી તાન કર
અપના બેગાના ઝરા પહેચાન કર

અહીં એક આયત અને ત્રણ હદીષો રજૂ કરીને અટકુ છું. કુર્આન મુકદસની સૂરએ નિસાઅમાં અલ્લાહ તબારક વ તઆલાએ જે હરામ ઔરતોનો ઉલ્લેખ કર્યો છે એમાં સૌથી પ્રથમ તે સ્ત્રીને ગણી છે જેણીની સાથે બાપ અથવા દાદા નિકાહ કે સંભોગ કરી ચૂક્યા હોય, બીજા નંબરે માંનો ઉલ્લેખ કર્યો છે. જેનાથી નિર્દેશ થાય છે કે એનાથી પહેલાં વર્ણન થયેલ સ્ત્રી (એટલે બાપના નિકાહમાં આવેલી અથવા તેમનાથી સંભોગ પામેલી) માં નથી બલ્કે માં સિવાયની છે. આયતે કરીમાના મુબારક શબ્દો આ પ્રમાણે છે :–

"وَلَا تَنْكِحُوْا مَانَكَحَ آبَآؤُكُمْ مِنَ النِّسَآءِ اِلَّامَاقَدْ سَلَفَ اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّمَقْتًاؕ وَّسَآءَ سَبِيْلًا"

"જે સ્ત્રીઓ સાથે તમારા બાપ, દાદા સંભોગ કે નિકાહ કરી ચૂક્યા તેમની સાથે નિકાહ ન કરો પણ જે પ્રથમ થઈ ચૂક્યા. બેશક ! એ બેહયાઈ તથા નારાજગીનું કામ છે અને બુરો માર્ગ. *(કુર્આને હકીમ)*

"નિકાહ" શબ્દનો વાસ્તવિક અર્થ "ઝમ તથા જમા" એટલે બે ચીજોનું સંગમ, ચાહે શરીર શરીર સાથે મેળ અથવા કથન કથન સાથે. શરીરનો શરીર સાથે મેળાપ થાય તો સંભોગ છે, અને કથન અને ઈજાબ તથા કુબૂલનું એકબીજા સાથે મેળાપ થાય તો નિકાહ છે. કુર્આને પાકમાં આ શબ્દ ક્યાંક વતી (સંભોગ)ના અર્થમાં આવ્યો છે અને ક્યાંક અક્દ (નિકાહ)ના અર્થમાં આવ્યો છે. અને અહીં અર્થના એતબારે "જમા તથા ઝમ"ના અર્થમાં છે, જેનો એક ફર્દ વતી (સંભોગ) છે અને બીજો ફર્દ નિકાહનો અક્દ (કરાર) છે, જેથી બાપદાદા સાથે નિકાહ પામેલી પણ હરામ છે અને તેમનાથી સંભોગ પામેલી પણ હરામ છે. એટલે કે તે સ્ત્રી જેને બાપ કે દાદાએ સંભોગ કર્યો અને સંભોગને હલાલની સાથે ખાસ નથી કર્યો બલ્કે મુત્લક રાખેલ છે એટલા માટે એના આમમાં હલાલ સોહબત પણ સામેલ છે અને હરામ તથા બળપૂર્વકની પણ સામેલ છે. ફતાવા રઝવિય્યહ્માં છે : જેણે પોતાની નિકાહ પામેલી સ્ત્રી સાથે ફક્ત હૈઝ તથા નિફાસ અથવા રોઝા કે એ'તેકાફ અથવા એહરામમાં સંભોગ કર્યો તો શું તેણીની પુત્રી તેના પર હરામ ન થઈ ? કતઅન ઈજમાઅન હરામ થઈ ભલે એ સંભોગ હરામ હતો. બલ્કે ઉલમાએ કિરામે ઘણી તે સ્થિતિઓ દર્શાવી જેમાં સંભોગ તો સંભોગ તે સ્ત્રીને જ તેના માટે હલાલ નથી કહી શક્તા, અને તેની સાથે સંભોગના



કારણે એકમતીએ સંભોગ પામેલીની પુત્રી હરામ થઈ જાય છે. દા.ત. એક બાંદી બે માલિકીની સંયુક્ત માલિકીમાં છે, તેમનામાંથી જે તેની સાથે સંભોગ કરશે તો તે બાંદીની પુત્રી તેના માટે હરામ થઈ જશે. એ જ પ્રમાણે પોતાની સ્ત્રીથી સંભોગ જેનાથી જેહાર (એટલે દા.ત. તેને માંની જેમ કહેવી) કર્યો અને કફ્ફારો ન આપ્યો, આ સઘળુ એકમતીએ એ સ્ત્રીઓની પુત્રીઓને હરામ કરી દે છે. જ્યારે કે સ્ત્રી મુદ્દલે ખૂદ પણ હલાલ ન હતી." *(ફતાવા રઝવિય્યહ્, પેજ–૨૪૫, ૨૪૬, ભાગ–૫)*

બલ્કે સત્ય એ છે કે જે પુત્ર ઝિનાથી પેદા થયો તે, તે સ્ત્રી પર એકમતીથી હરામ થઈ જાય છે જેના પેટથી તે પેદા થયો. એ જ પ્રમાણે ફત્હુલ કદીરમાં છે. અને તફસીરે રૂહુલ મઆનીમાં એના પર ઈજમાઅ નકલ કર્યો છે. શબ્દો આ પ્રમાણે છે :–

"والاتفاق على حرمة الابن من الزنا"

*–(ફત્હુલ કદીર, પેજ–૨૧૯, ભાગ–૩)*

"حرم علىٰ المرأة ولدها من الزنا اجماعاً"

*–(રૂહુલ મઆની, પેજ–૨૫૦, ભાગ–૪)*

શું હરામ સંભોગથી હુર્મતે મુસાહરતને નકારનારા એ વાતનું એલાન કરી શકે છે કે ઝિનાથી જન્મ પામનાર પુત્ર તે સ્ત્રી માટે હલાલ છે જેના પેટથી તે પદા થયો ? જો કે તેમણે જે આધાર અપનાવ્યો છે એનાથી અનિવાર્યપણે એવા ફરઝંદના માટે હલાલ થવાનું તે માંના માટે નીકળે છે, તો એ ગુંજાઈશનું પણ કશાય ખચકાટ વિના એલાન કરવું જોઈએ, નહીં તો સ્વીકારી લેવું જોઈએ કે ઝિનાથી પણ હુર્મતે મુસાહરત સાબિત થાય છે. અથવા તો ખામોશ રહેવું જોઈતુ હતું જેથી વિના કારણે ઈસ્લામ અને ઈસ્લામના ઉલમાને

બદ્નામ કરનારા તેમના મતભેદવાળા મંતવ્યનો સહારો ન લેતા.

ઉપરોક્ત દલીલોથી જાણવા મળ્યું કે :–

(अ) સંભોગથી હુર્મતે મુસાહરત સાબિત થવાના માટે એ જરૂરી નથી કે સોહબત (સંભોગ) હલાલ હોય બલ્કે હરામ સંભોગ પણ પૂરતો છે.

(ब) સાથોસાથ એ પણ જરૂરી નથી કે સંભોગ ઝિના ન હોય, નહીં તો ઝિનાના પાણીથી પેદા થયેલ છોકરો જેના પર ઝિના થયો તેના માટે એકમતીથી કેમ હરામ થયો.

(क) અહીંથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે હરામ હોવા (હુર્મત)ની સાબિતી, વંશની સાબિતી પણ આધારિત નથી, કેમ કે ઝિનાથી પેદા થનારનો વંશ ઝાની (વ્યભિચારી) સાથે સાબિત નથી તો પણ હુર્મત સાબિત થવા બાબતે ઈજમાઅ છે. જેનું એક કારણ એ પણ છે કે કુર્આને હકીમે કોઈ પાબંદી વિના (મુત્લકન) બાપના સંભોગને પુત્રના હક્કમાં હુર્મતનું કારણ ઠરાવ્યો છે.

આ સ્થળે આયતે કરીમા :–

**"وَاُحِلَّ لَكُمْ مَّاوَرَآءَ ذٰلِكُمْ"**થી સનદ પકડવી નિરર્થક છે, કેમ કે બાપે જે સ્ત્રી સાથે સંભોગ કર્યો છે તે મુહર્રમાતના સિવાયમાંથી નથી, બલ્કે મુહર્રમાતમાંથી છે. એ જ પ્રમાણે અહીં હદીષે નબવી **"الولد للفراش وللعاهر الحجر"**પણ સનદ પકડવી યોગ્ય નથી કેમ કે વંશજની સાબિતી અલગ મસ્અલો છે અને હુર્મતની સાબિતી અલગ છે. બંને એકબીજા માટે લાઝિમ તથા જરૂરી (એકબીજાનાં પૂરક) નથી, જેમ કે ઝિનાથી જન્મનારનો ઈજમાઈ મસ્અલો એના પર ન્યાયી સાક્ષી છે.



હદીષમાં છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં જાહિલિયતના જમાનામાં એક સ્ત્રી સાથે ઝિના કર્યો હતો તો શું તેની પુત્રી સાથે નિકાહ કરી લઉં ? હુઝૂર ﷺ એ જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો :–

**"لاارىٰ ذلك ولا يصح ان تنكح امرأة تطلع من ابنتها علىٰ ما تطلع عليه منها"**

"હું તેને હલાલ નથી જાણતો, અને ન એવા નિકાહ જાઈઝ છે કે તું પુત્રીની તે ચીજ પર માહિતગાર થાય જેના પર તેણીની માં સાથે માહિતગાર હતો." *(ફત્હુલ કદીર, પેજ–૨૧૧, ભાગ–૩)*

હઝરત ઉમ્મે હાની બિન્તે અબી તાલિબ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત છે કે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ એ ફર્માવ્યું :–

**"مَنْ نَظَرَ اِلىٰ فَرجِ اِمْرَأةٍ بِشَهْوَةٍ حُرِّمَتْ عَلَيهِ اُمُّهَا وَبِنْتُهَا"**

"જે કોઈ સ્ત્રીના ગુપ્તાંગને વાસના સાથે જોઈ લે તે સ્ત્રીની માં તથા પુત્રી બંને હરામ છે."

બીજી હદીષમાં છે :–

**"ملعون من نظر الىٰ فرج امرأة بنتها"**"મલઊન છે જે કોઈ સ્ત્રી અને તેની પુત્રી બંનેની શર્મગાહ (ગુપ્તાંગ) જુએ." *(ફતાવા રઝવિય્યહ્, બહવાલા ગાયતે સમ્આનિયા)*

આ હદીષો અકાબિર (મહાન) સહાબાએ કિરામ તથા જમાહીર ઈમામો رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના તે મઝહબની સમર્થક છે કે ઝિના તથા દાઈએ ઝિના (ઝિના પ્રતિ આકર્ષનાર કામ)થી પણ હુર્મતે મુસાહરત સાબિત થઈ જાય છે.

અહીં એક દલીલ એ પણ રજૂ કરવામાં આવે છે કે હદીષમાં છે :–

"**لَایُحَرِّمُ الْحَرَامُ الْحَلَالَ**" "હરામ, હલાલને હરામ નથી કરતું." આ હદીષ કતઈ (તદ્દન) દલીલને પાત્ર નથી, બલ્કે તેહકીક એ છે કે આ હદીષ નથી, બલ્કે ઈરાકના કોઈ કાઝીનો કૌલ છે જે પુષ્કળ બાબતોમાં જાહેરથી વિરૂદ્ધ છે. જેમ કે નજીકમાં સ્પષ્ટ થશે.

ફકીહે ઈસ્લામ સૈયેદેના ઈમામ અહમદ રઝા કાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ આ કથનના દલીલને પાત્ર ન હોવાને બાબતે સવિસ્તાર ચર્ચા કરી છે. અમે અહીં એ ચર્ચાના બે લખાણો રજૂ કરીએ છીએ :–

ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જણાવે છે :–

આ હદીષ સખ્ત ઝઈફ તથા સાકિત અને દલીલને પાત્ર નથી. આ હદીષના ઝઈફ હોવા બાબતે એ દલીલ પૂરતી છે કે તેને આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરવામાં આવી છે. જ્યારે કે તેઓ (હઝરત આઈશા) હરામ સંભોગ થકી હુર્મતે મુસાહરતની સાબિતની માને છે. ખાસ આ બાબતમાં જો આપે હુઝૂરે અકદસ ﷺ નો ઈર્શાદ સાંભળ્યો હોત તો એનાથી મતભેદ ન કરત. ઈમામ અહમદ ઈબ્ને હંબલે ફર્માવ્યું, "ન તે હુઝૂરે અકદસ ﷺ નો ઈર્શાદ છે, ન અષર (કથન), બલ્કે ઈરાકના કોઈ કાઝીનો કૌલ છે જેમ કે ફત્હુલ કદીરમાં છે." *(ફતાવા રઝવિય્યહ્, પેજ–૨૪૭, ભાગ–૫)*

આ કૌલ (કથન) પોતાના જાહેર પર તો યકીનન ! સહીહ નથી. શું જો થોડાક પાણી અથવા ગુલાબમાં શરાબ અથવા પેશાબ નાખી દઈએ તો તે તેને હરામ કરી દેશે નહીં ? શું જો કોઈ ઝિનાથી નાપાક



હોય તો તેને નમાઝ, કિરાઅતે કુર્આન, મસ્જિદમાં પ્રવેશ તથા કા'બાનો તવાફ કે જે હલાલ હતાં હવે હરામ નહીં થઈ જાય ? શું જો કોઈ જાલિમે કોઈ મઝલૂમની બકરીનું ગળુ દબાવીને મારી નાખી તો તેનું આ કૃત્ય જે હરામ દર હરામ છે તે આ હલાલ જાનવરને હરામ નહીં કરી આપે ? શું જો કોઈ શખ્સ પોતાની પત્નીને એક અઠવાડિયામાં ત્રણ તલાકો આપે, ખાસ કરીને હૈઝના દિવસોમાં, તો એ હરામ કૃત્યથી તે હલાલ પત્ની તેના પર હરામ નહીં થઈ જાય. સેંકડો સ્થિતિઓ છે જેમાં હરામ, હલાલને હરામ કરી દે છે." *(ફતાવા રઝવિય્યહ્, પેજ–૨૫૦, ભાગ–૫)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૮) કેવળ સ્ત્રીના આક્ષેપના કારણે ન તેના સસરાને ઝિનાની નિશ્ચિત કરેલી સજા આપવામાં આવશે ન તો તેણી તેના પતિ માટે હરામ થશે, બલ્કે તેના માટે દીનદાર સાક્ષીઓની સાક્ષી અથવા પતિનું સમર્થન જરૂરી છે, જેમ કે આગળ લખાણમાં વિસ્તારપૂર્વક આવી ગયું છે. જો કેવળ પત્નીના આક્ષેપના સબબે શરઈ સાબિતી વિના જેના પર આક્ષેપ થયો તેને સજા આપવામાં આવે તો દુનિયાથી અમાન ઉઠી જશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૯) વંશની સાબિતીના મામલામાં શરીઅતે પાકે ઘણી સાવચેતી રાખી છે અને શક્ય હદ સુધી વંશને સ્ત્રીના પતિથી સાબિત માન્યો છે. જેમ કે હદીષે પાક "**الولد للفراش وللعاهر الحجر**" નો પ્રસંગ એના માટે સાક્ષી છે અને અહીં ગર્ભ પતિનો હોવો એ રીતે શક્ય છે કે તે તેના સંભોગથી હોય. એટલા માટે ગર્ભનો નસબ (વંશ) દરેક રીતે પતિથી સાબિત થશે. પણ સસરાની બદ્કારીના કારણે તે પોતાના પતિ પર હરામ થશે. કેમ કે હુર્મત અલગ હુકમ છે જેની સાબિતી કુર્આન હકીમની આયતો તથા હદીષો તથા સહાબીઓના

કથનો (આષાર) તથા ફકીહોના ઈજમાઅથી છે. આ બંનેવ એકબીજાના પૂરક નથી કે એકના નકારથી બીજાનો નકાર થઈ જાય. કેમ કે ફકીહોના ઈજમાઅથી એવું શક્ય છે બલ્કે બનેલું છે કે વંશ સાબિત ન થાય પણ હુર્મત સાબિત થઈ જાય. જેમ કે ઝિનાથી જન્મનારનો એ જ હાલ છે. અલ્લાહ તઆલા સૌને હક્ક સ્વીકારવાની તથા ઈન્સાફની તૌફીક અતા ફર્માવે, અને પૂર્વગ્રહ તથા અદાવતથી મેહફૂઝ રાખે આમીન. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર : (મુફ્તી) નિઝામુદ્દીન રઝવી** *(ખાદિમે ઈફતા દારુલ ઉલૂમ અશરફિયા મિસ્બાહુલ ઉલૂમ, મુબારકપુર, આઝમગઢ, યુ.પી. ૯–જમા. આખર હિ. ૧૪૨૬)*


## ★ એક નવીન પ્રકાશન ★

**તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં**

**(પેજીસ : ૩૦૪, કિંમત : રૂા. ૫૦/–)**

**અનુવાદક :** જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા ઝંઘારી

**લેખક : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી-જમશેદપુરી** عليه الرحمة والرضوان

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુા. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ભોળી ભાળી લાગતી આ તબ્લીગી જમાઅત કેવી ઈમાનની લૂટેરી છે ? કઈ રીતે લોકોને ફોસલાવી તેમનું ઈમાન સરકાવી લે છે ! તેની સવિસ્તાર દાસ્તાન રઈસુલ કલામ અલ્લામા અર્શદુલ કાદરી عليه الرحمة والرضوان ની ઝબાની વાંચો અને તબ્લીગી જમાઅતની ભયાનક ભીતરને સમજી તેનાથી દૂર રહો.




بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

# ઈમરાના પતિ તથા સસરા બંનેવ માટે હરામ !


**અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**

*–(તંત્રી : કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી)*

**અનુવાદક : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા**

*(નાયબ સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*


કસ્બા ચરથાવલ જિલ્લા મુઝફફરનગર ઉત્તરપ્રદેશમાં ૮–જૂન–૨૦૦૫ના પોતાના સસરાની બુરી નજર તથા કુકર્મની શિકાર બનેલી મઝલૂમ ઈમરાના એક તરફ મુસલમાનોની હમદર્દી અને મદદના લાયક છે તો બીજી બાજુ એનો શૈતાન સિફત સસરો એ વાતના લાયક છે કે એની બેઈજ્જતી થાય અને એને કોર્ટ થકી ખતરનાક સજા આપવામાં આવે. ઈન્ડિયામાં જો ઈસ્લામી હુકૂમત હોત તો ઝિનાના શરઈ સુબૂત પછી એને સંગસાર કરવામાં (પથરાવથી મારી નાખવામાં) આવતો પરંતુ એવી કોઈ શક્તિ મુસલમાનો પાસે ઉપલબ્ધ નથી એટલા માટે એના ઉપર હદ (ઈસ્લામી સજા) કરવામાં આવશે નહીં, ન તો બીજી કોઈ શારીરિક સજા આપી શકીએ છીએ. હા, સ્થાનિક મુસલમાનોનો ફર્ઝ છે કે તેઓ આ ખતરનાક સસરાનો સામાજીક બોઈકોટ કરે જેથી એનું

દિમાગ ઠેકાણે આવે અને શરમિંદગી સાથે અલ્લાહ ﷻ ની બારગાહમાં સાચા દિલથી તૌબા કરી શકે. મઝલૂમ ઈમરાના કાલે કયામતના દિવસે પોતાના જાલિમ સસરાનો દામન પકડીને પોતાનો હિસાબ લઈ શકે છે અને અલ્લાહની બારગાહથી ચોક્કસ તેણી સાથે ઈન્સાફ થશે એવો ઈન્સાફ જેમાં રજમાત્ર બેઈન્સાફી હશે નહીં.

સ્ત્રી હોય કે પુરૂષ દરેક માનવમાં નફ્સ તથા વાસનાનો ભાગ હોય છે જેને શરીઅતના હુકમ પ્રમાણે કાનૂનનું પાબંદ બનાવવાનું નામ "નિકાહ" છે અને તેને આઝાદ બેકૈદ રાખી દરેક મેદાનમાં ઘોડા દોડાવી દેવાનું નામ "ઝિના" તથા બદ્કિરદારી છે જે હરામ તથા ખતરનાક અખ્લાકી જુર્મ છે. ઈન્સાની વંશની સલામતી અને વંશની રક્ષા ઈસ્લામી શરીઅતની નજરમાં એક મહત્વનો ઈસ્લામી ફરીઝો છે. જેની ઈસ્લામે તાકીદ પણ કરી છે, અને તેની હદો તથા અદબો (નિયમો) પણ બતાવ્યા છે. કુર્આન તથા હદીષમાં ખુલાસા તથા સમજૂતી સાથે એનું બયાન કરવામાં આવ્યું છે કે સ્ત્રી તથા પુરૂષનો નિકાહ કોની સાથે જાઈઝ છે અને કોની સાથે જાઈઝ નથી. સૂરએ નિસાઅ અને તેની સમજૂતીનો અભ્યાસ દરેક અકલમંદ ઈન્સાનના દિલને ઈત્મિનાન તથા તેના ઈલ્મમાં વધારો કરશે, જેમાં તફસીલ સાથે મુહર્રમાત (જેમનાથી નિકાહ કરવો હરામ છે)નો ઝિક્ર કરવામાં આવ્યો છે. હદીષ શરીફમાં પણ મુહર્રમાત તથા હરામ થવાના કારણો દા.ત. રઝાઅત તથા મુસાહરત વગેરેનું બયાન મૌજૂદ છે.

નિકાહ હરામ થવાના ઘણા કારણોમાંથી નસબ (વંશ), રઝાઅત તથા મુસાહરત મશ્હૂર છે.

**નસબ :** જેમાં માં, બેટી, બહેન, ફોઈ, માસી, ભત્રીજી, ભાણકી


સાત સ્ત્રીઓ છે જેમનાથી નિકાહ કરવો **હરામ** છે. દાદી તથા નાનીમાં પણ માં ગણાશે. એવી જ રીતે પૌત્રી અને નવાસી પુત્રીમાં ગણાશે.

**મુસાહરત (સસુરાલી રિશ્તા) :** એમાં પત્નીની માં અને તેની પુત્રીઓ દાખલ છે જેમનાથી નિકાહ **હરામ** છે. આ જ હુકમ એ બીવીના બધા જ ઉસૂલ (માં, દાદી) તથા ફુરૂઅ (છોકરા, પોત્રી)નો પણ છે.

**રઝાઅત (દૂધનો રિશ્તો) :** નસબ (વંશ)ના રિશ્તાની જેમ છે. હુઝૂરે અકરમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે કે જે સ્ત્રીઓ નસબ (વંશ)ના રિશ્તાથી હરામ થાય છે તે રઝાઅત દૂધના રિશ્તાથી પણ **હરામ** છે. *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

**બે મહારીમ :** દા.ત. બે બહેનો અથવા ફોઈ, ભત્રીજી અથવા માસી, ભાણકીને એક સાથે નિકાહમાં રાખવી **હરામ** છે.

**ઈમરાનાનો મસ્અલો** હુરમતે મુસાહરત (સસુરાલી રિશ્તા)થી છે એટલા માટે તેના મસ્અલાઓને સારી સમજી લેવા જોઈએ. આમ શરઈ કાનૂન એ છે કે નવ વર્ષ અથવા એનાથી વધારે વર્ષની કોઈ છોકરી તથા બાર વર્ષ અથવા એનાથી વધારે વર્ષના કોઈ છોકરાએ શહવત (વાસના) સાથે કોઈ સ્ત્રી કે પુરૂષને ચુંબન કર્યું અથવા એના સાથે શારીરિક સંબંધ કાયમ કર્યો તો એનાથી હુરમતે મુસાહેરત સાબિત થઈ જાય છે. એટલે કે **તે સ્ત્રીની માં અને તેની છોકરી પેલા પુરૂષ માટે હરામ થઈ જાય છે. એવી જ રીતે તે પુરૂષનો બાપ અને તેનો છોકરો પેલી સ્ત્રી માટે હરામ બની જાય છે.** શહવત (વાંસના) સાથે કરવામાં આવેલ **આ કાર્ય નિકાહ પછી હોય અથવા નિકાહ**

**પહેલાં બંનેવનો હુકમ એક જ છે.** *(ફત્હુલ કદીર, ફતાવા હિંદિયા, રદ્દુલ્ મુહ્તાર તથા દુર્રે મુખ્તાર)*

જે સ્ત્રી સાથે ઝિના કરવામાં આવ્યો તે બળાત્કાર કરનારના ઉસૂલ (મૂળ વંશજો બાપ દાદા) અને ફુરુઅ (મૂળથી સંબંધિત છોકરા, પૌત્ર)ના માટે **હરામ** થઈ જાય છે અને ઝિના કરનાર માટે તે સ્ત્રીની માં, નાની, છોકરી તથા પૌત્રી હરામ થઈ જાય છે. *(બહરુર્રાઈક, જોહરહ, નૈયેરહ વગેરે)*

વળી કોઈ વ્યક્તિનો પોતાની સાસુ સાથે શારીરિક સંબંધ થયો તો હુરમતે મુસાહેરત સાબિત થઈ ગઈ. *(આલમગીરી)*

કોઈ સ્ત્રીનો પોતાના સસરા સાથે શારીરિક સંબંધ થયો તો હુરમતે મુસાહેરત સાબિત થઈ ગઈ. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

હુરમતે મુસાહેરત **સાબિત થયા બાદ પતિ પત્ની એક બીજા માટે તદ્દન હરામ થઈ ગયાં** એટલે કે શારીરિક સંબંધનું પતિને યકીન અથવા પાકી ખાત્રી થયા બાદ નિકાહ બાકી હોવા છતાં પતિ પત્ની દરમ્યાન **ખાસ જીવન હરામ થઈ જાય છે** એટલા માટે પતિ પર વાજિબ છે કે પોતાની પત્નીને છોડી આપે. (એટલે તલાક આપી છૂટી કરે જેથી તેણી બીજે નિકાહ કરી શકે.)

**ખુલાસો :** (એટલે કે હવે પછી) પત્નીનું પોતાના **પતિ તથા સસરા** સાથે અને પતિનું પોતાની **પત્ની તથા સાસુ** સાથે શારીરિક સંબંધ હુરમતે મુસાહેરતનું કારણ છે અને આ પતિ પત્ની એક બીજા માટે **જીવનપર્યંત હરામ** બની ગયાં. **આ શરઈ કાનૂનના મુતાબિક ઈમરાના પોતાના પતિ તથા સસરા બંનેવ માટે હરામ થઈ ગઈ. અને ઈમરાના એમના માટે ન માં છે ન**



**બેટી છે અને ન બહેન છે બલ્કે જેવી રીતે પોતાની માં બહેન અથવા પુત્રી સાથે નિકાહ હરામ છે એવી જ રીતે પોતાના જૂના પતિ તથા સસરા સાથે ઈમરાનાનો ફરી નિકાહ અથવા કોઈ પણ રીતે કરવામાં આવેલ નિકાહ હરામ છે.**

ઈમરાનાના મસ્અલામામાં અમુક લોકો બળજબરીપૂર્વક ઝિના થયાનો સહારો લઈને કહે છે કે ''એમાં ઈમરાનાનો શું કસૂર છે ?!'' તો લોકો આ હકીકત પર વિચાર નથી કરતા કે વહુ અને સસરાનો શારીરિક સંબંધ બિલકુલ એવી જ રીતે હુરમતે મુસાહેરતનું કારણ છે જેવી રીતે સાસુ અને જમાઈનો શારીરિક સંબંધ, અને **આ કાર્ય કોઈના પણ તરફથી થાય બંનેવમાં પતિ પત્ની એક બીજા બીજા માટે હરામ બની જાય છે.** એને એમ સમજો કે કોઈ ગ્લાસ અથવા વાસણમાં શરાબ અથવા પેશાબનું એક ટીપુ ખુશીથી અથવા જબરદસ્તી કોઈપણ રીતે દાખલ થઈ જાય તો આખુ વાસણ નાપાક થઈ જાય છે, એ જ પ્રમાણે ખૂન એક જુર્મ છે પતિનું હોય કે બીજા કોઈનું હોય, ખુશી સાથે હોય કે બળપૂર્વક દરેક સ્થિતિમાં કાતિલને એના જુર્મની સજા મળશે, ઝિના (વ્યભિચાર) કતલથી ઓછું નથી. ઘણા બધા દેશોમાં ખુશીથી ઝિના (વ્યભિચાર) કરવો જુર્મ નથી પરંતુ **ઈસ્લામી શરીઅતમાં વ્યભિચાર કોઈપણ સમયે કોઈપણ પ્રકારે કોઈના પણ સાથે જાઈઝ નથી.** આવાં કુકર્મો પર રાજીપાનો સિક્કો મારનાર લોકો **માનવતા તથા ઈન્સાની ઈજ્જતના કાતિલ** છે, ઈન્સાની વંશના **મુજરિમ** છે પોતાના તથા બીજાના વંશને બરબાદ કરનાર **જાનવરો** છે, એટલા માટે જ કુર્આન શરીફમાં ઈર્શાદ છે :–

**''ઝિનાની નજીક પણ ન જાવ ! કે એ બહુ મોટી બદી અને ખરાબ રસ્તો છે.''**

ઈમરાનાના બનાવમાં હુરમતે મુસાહેરતના શિકાર પતિ પત્ની બંનેવ બન્યાં છે, ઈમરાનાને પોતાના પતિથી અલગ કરી દેવામાં આવી છે તો પતિને પણ ઈમરાનાથી જૂદો કરી દેવામાં આવ્યો છે અને એમનાં પાંચ બાળકોના ભરણપોષણની જવાબદારી ઈમરાના પર નથી અને તેના પતિ ઉપર તેમના ઉછેરની જિમ્મેદારી છે. આવી હાલતમાં બે વર્ષ સુધી રઝાઅત (દૂધ પીવડાવવુ) અને સાત વર્ષ સુધી છોકરી અને પાંચ વર્ષ સુધી છોકરાની પરવરિશનો હક્ક માં નો છે **જેનો બધો જ ખર્ચ પતિએ ઉઠાવવો પડશે** અને પછી આગળ ચાલીને બાળ બચ્ચાંઓની કેળવણી, તા'લીમ તથા શાદી વગેરેનો બધો જ બોજ પતિએ જ ઉઠાવવો પડશે. બિચારી ઈમરાનાને મુસીબતો ઉઠાવવી પડશે પરંતુ જો એ ચાહે તો બીજી શાદી કરી પોતાનું નવુ ઘર આબાદ કરી શકે છે, જ્યારે પાંચ છોકરાના ગરીબ બાપ પાસે કોઈ સ્ત્રી નિકાહ કરવા માટે કેવી રીતે તૈયાર થશે. આ એનાથી પણ વધારે મુશ્કેલ છે. ઈમરાના પોતાની ઔલાદ અથવા પોતાના બાપ અથવા પોતાના રિશ્તેદારની ભરણપોષણની જવાબદારી હેઠળ રહેશે અને પાંચેવ છોકરા મોટા થઈ પોતાના બાપની ભરણપોષણની જિમ્મેદારી રહેશે. અને બાપના વારસામાં પણ હિસ્સેદાર બનશે. આ અને આવી બીજી હિદાયતો વર્ષો પહેલાં લખાયેલી ફિકહની કિતાબો દા.ત. હિદાયા, ફતહુલ કદીર વગેરેમાં લખેલ છે.

સવાલ પર શરઈ હુકમ બયાન કરી આપવો અથવા તેને લખી આપવો મુફતીનું કામ છે અને કોઈ ઉપસ્થિત થયેલ સમસ્યા તથા



કેસની તહકીક તથા સુબૂત અને ગવાહી બાદ એના પર ફેંસલો કરવો ''કાઝીએ શરઅ''નું કામ છે. આ કાનૂનને સામે રાખી લોકોએ પોતાના મંતવ્યો નિવેદનો વગેરે પ્રદર્શિત કરવાં જોઈએ અને નિરર્થક વાતો તથા કાર્યોથી દૂર રહેવું જોઈએ. હલાલ તથા હરામ, સહીહ તથા ગલત બતાવી આપવું અને કોઈ ફેંસલો કરવો મુફતી તથા કાઝીનો શરઈ ફર્ઝ છે, એથી વધુ મુફતી તથા કાઝીની બીજી કોઈ જિમ્મેદારી નથી. એને આસાનીથી એ રીતે સમજો કે કોઈ મુકદ્દમો કોર્ટમાં પહોંચ્યા બાદ તેના પર બહસ ચાલુ થાય છે અને જજ પોતાના કાનૂનના મુતાબિક કોઈ ખૂની અથવા ડાકૂ, બાગી તથા ગદ્દારને સજા સંભળાવે છે, જેટલા વર્ષોની તે સજા આપે છે તે સમયે એવો કોઈ ઈન્તેઝામ કરવો એનું કામ નથી કે મુજરિમની આલ ઔલાદ તથા તેના બાપદાદા શું ખાશે અને શું પહેરશે ?! આ કામ તો મુજરિમના રિશ્તેદારો તથા ઘરવાળાઓનું છે કે તેઓ એમના માટે મુનાસિબ ઈન્તેઝામ કરે.

ઈમરાના જેવી સ્ત્રીઓ અથવા બેબસ, લાચાર પુરૂષોના નિભાવની જવાબદારી ઘરવાળાં અથવા રિશ્તેદારોની છે અને જો કોઈ કારણસર આમ ન થાય તો પછી મહોલ્લાવાળા અને ગામવાળા અથવા મુસ્લિમ કમિટીઓ તથા સંસ્થાઓની ફર્ઝ છે કે તેઓ જેટલી બની શકે એટલી એમની મદદ કરે.

અહકામ (શરીઅતના હુકમો) તથા શરીઅતના મસાઈલથી બેખબર હોવા છતાં એના પર ટીકા ટીપ્પણ કરવું આજકાલ સામાન્ય (ફેશન બની) ગયું છે ! બલ્કે અમુક ખતરનાક લોકોએ આ વસ્તુને પોતાનું મિશન બનાવી લીધું છે કે શરીઅત તથા ઉલમાને બુરુ ભલું કહેવું અને સાથે સાથે એ પણ માંગણી કરતા જાય છે કે સ્ત્રીઓને

શરીઅતે જે હક્કો આપ્યા છે તે એમને મળવા જોઈએ. સ્ત્રીઓની હમદર્દીની આડ હેઠળ એમનો મકસદ તથા હેતુ કેવળ એટલો હોય છે કે કોઈ બહાનાથી શરીઅત તથા ઉલ્માએ શરીઅતને બદનામ કરવાનો કોઈપણ મોકો હાથથી જવા દેવામાં ન આવે.

મને યાદ આવે છે કે આર.એસ.એસ.ના સરસંઘ ચાલક બાલા દેવરસે ઈ.સ. ૧૯૮૫માં શાહબાનુની હિમાયતમાં એક અખ્બારી નિવેદન આપી તેણી સાથે પોતાની મોટી હમદર્દીનો ઈઝહાર કર્યો હતો. પરંતુ દેશમાં થયેલ હજારો દંગા ફસાદો દરમ્યાન અથવા બાદમાં એમનું એવું કોઈપણ નિવેદન મારી નજરથી નથી પસાર થયું જેમાં તે તોફાનોમાં વિધવા થનાર મુસ્લિમ સ્ત્રીઓના હક્કમાં એમણે બે શબ્દો કહ્યા હોય ! શું કોઈને એવું બતાવવાની જરૂરત છે કે ઈમરાનાના નામ પર બયાનબાજી કરનારાઓની નિય્યત આવી છે જે આર. એસ. એસ.ની હોય છે. કોમ્યુનિસ્ટ લોબીની અમુક સ્ત્રીઓ પણ મુસ્લિમ પર્સનલ લોની હિફાઝત અને ઈમરાનાને ઈન્સાફ અપાવવાના નામ પર હમણા ગરમી દેખાડે છે ! શું આ સ્ત્રીઓના મકસદો પણ કોઈનાથી છુપાયેલા છે ?!

મીડિયાનો જ્યાં સુધી સવાલ છે તો તેની તો આદત જ એવી બની ગઈ છે કે મુસ્લિમ સમાજના દરેક પ્રસંગને મરચુ મીઠુ ઉમેરી એવી રીતે દેશ તથા દુનિયા સમક્ષ પેશ કરે છે કે મુસ્લિમોની કાયમના માટે બેઈજ્જતી થતી રહે. આવા પ્રોપેગંડાના શિકાર થનાર નાવાકેફ તથા બેખબર લોકો અથવા મક્કાર લોકો શરીઅતની ઈસ્લાહનો પરચમ ઊંચો કરી ઉલ્માએ શરીઅતના વિરૂધ્ધ બયાનબાજી કરવાને પોતાનું મોટામાં મોટુ કારનામુ સમજે છે. આવા લોકોએ મસાઈલ તથા શરીઅતના હુકમોના સહીહ ઈલ્મ તથા અભ્યાસ તરફ પૂરતુ



ધ્યાન આપવા સાથોસાથ પોતાની પણ સુધારણા કરવી જોઈએ.

ઈસ્લામી શરીઅતે સ્ત્રીને ઈજ્જત આબરૂ અને તેણીની પાકબાઝીની હિફાઝત માટે જે કાનૂન બનાવ્યા છે અને માં, બેટી, બહેન, પત્નીની હૈસિયતથી એના વકાર (પ્રતિષ્ઠા) તથા અઝમત માટે જે હિદાયતો આપી છે એનો બીજા મઝહબોમાં દૂર દૂર સુધી કોઈ પતો નથી. ક્યાંક તો દેવીના નામ પર દેવદાસી અને સતી થવાનો ખયાલ છે અને ક્યાંક સમાનતા અને આઝાદીના નામ પર એને નગ્ન કરી બજારની શોભા તથા ઓફિસો ફેકટરીઓ તથા કલબોમાં તેણીની સ્ત્રીમય પ્રતિષ્ઠાનો (સુંદરતાનો) ઉપયોગ કરવામાં (અને કમાણી કરવામાં આવે) આવે છે જેનાથી ઘરની જિંદગી તથા સુકૂન બરબાદ થઈ જાય છે, કૌટુંબિક, સામાજિક વ્યવસ્થા વેરવિખર થઈ જાય છે. આવી હાલતમાં જરૂરત ફક્ત એની છે કે પુરૂષે પોતાની જિમ્મેદારી અને સ્ત્રીએ પોતાની જિમ્મેદારીનો હમેશાં ખયાલ રાખવો જોઈએ. અને દરેક મુસલમાન મર્દ તથા ઔરતે શરીઅતના મસાઈલની ખબર રાખી શરીઅતની પાબંદીનો જઝબો જાગૃત રાખી તેના પર અમલ કરવાની ભરપુર કોશિશ કરવી જોઈએ.

*–(હવાલો : રાષ્ટ્રિય સહારા ઉર્દૂ, તા. ૩–૭–૨૦૦૫)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ